॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૧ જાન્યુઆરી ૨૦૨૬** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**શ્રેણી – ૨૧**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER YES/NO | |
| SANGH NAME | | SUPARVISOR SIGN | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૨૦)

**પ્ર.૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે લખો.** **(૧૦)**

**(૧) પાઠપૂર્તિ કરો.** **(૪)**

૧. સંકિએ **સહસાગારે અણેસણાએ પાણ ભોયણાએ બીય ભોયણાએ** હરિય

૨. સાગ વિહિં **માહુરય વિહિં જેમણ વિહિં પાણિય વિહિં મુહવાસ વિહિં** વાહણ

**(૨)** પાંચમા શ્રમણસૂત્રમાં સાધુ કેવા છે? તે દર્શાવતા મૂળ પાઠ અને તેના અર્થ લખો. **(૪)**

**રયહરણ ગુચ્છગ પડિગ્ગહધારા – રજોહરણ, ગુચ્છા અને પાત્રાના ધારક છે, પંચ મહવ્વય ધારા – પાંચ મહાવ્રતના ધારક છે, અટ્ઠારસ સહસ્સ સીલાંગ રહધારા – અઢાર હજાર શીલરૂપી રથના ધારક છે, અક્ખય આયાર ચરિત્તા – અક્ષત=પરિપૂર્ણ આચાર યુક્ત ચારિત્રના ધારક છે.**

**(૩) નીચેનામાં કયા અતિચાર લાગે? તે લખો.** **(૨)**

૧. અષાઢ સુદ બીજે રાતના પહેલા પહોરે સ્વાધ્યાય કર્યો હોય. **અકાલે કઓ સજ્ઝાઓ**

૨. અખા ત્રીજના દિવસે મર્યાદાથી વધારે સોનું ખરીદ્યું હોય. **હિરણ્ણ–સુવણ્ણપ્પમાણાઈક્કમે**

૩. નોકર બિમાર હોવા છતા વધારાનું કામ કરાવ્યું હોય. **અઈભારે**

૪. બીજાની ટિકિટ પર મુસાફરી કરી હોય. **વિરુદ્ધ રજ્જાઈક્કમે**

**(આ) બીજા કર્મગ્રંથના આધારે જવાબ લખો.** **(૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો.** **(૫)**

૧. સત્તામાં કેટલી પ્રકૃતિ છે? **૧૪૮, ૧૫૮**

૨. સ્થાવર દ્વિકમાં કોનો સમાવેશ થાય? **સ્થાવર, સૂક્ષ્મ**

૩. ચરમ શરીરી સમકિતીને કેટલી પ્રકૃતિની સત્તા હોય? **૧૪૫, ૧૩૯**

૪. સત્તાના પ્રકાર લખો. **સંભવ સત્તા, સદ્ભાવ સત્તા**

૫. એક જ કર્મની બધી પ્રકૃતિનો ક્ષય બારમા ગુણસ્થાને થાય છે? તે પ્રકૃતિ કયા કર્મની છે?

**જ્ઞાનાવરણીય, અંતરાય**

**(૨) નીચેની પ્રકૃતિનો સત્તા ક્યાં સુધી? સત્તા વિચ્છેદ ક્યારે? (ક્ષાયક સમકિતીને) (૫)**

| | સત્તા | સત્તા વિચ્છેદ |
|---|---|---|
| ૧. અનંતાનુબંધી માયા | **ન હોય.** | |
| ૨. નરકાયુ | **૪ થી ૭ ગુણસ્થાન સુધી** | **૭ મા ગુણસ્થાનના છેડે** |
| ૩. પ્રચલા | **૪ થી ૧૨ ગુણ.ના દ્વિચરમ સમય સુધી** | **૧૨ મા ગુણ.ના દ્વિચરમ સમયના છેડે** |
| ૪. શાતા વેદનીય | **૪ થી ૧૪ ગુણસ્થાન સુધી** | **૧૪ મા ગુણસ્થાન છેડે** |
| ૫. સમકિત મોહનીય | **ન હોય.** | |

**(૫)**

**પ્ર.૨ સૂયગડાંગ સૂત્રના આધારે અયોગ્ય વિકલ્પ પર ટીક કરો.**

૧. દુ:ખથી દૂર થવા માટે શેનાથી વિરત થવું (જૂઠ, **અહિંસા,** ચોરી)

૨. કોના પ્રત્યે અતિ રાગભાવ હોય છે? (વ્યક્તિ, **સંયોગો,** વસ્તુ)

૩. વૈતરણી નદીનું પાણી કેવું છે? (**તીખું,** ખારું, ગરમ)

૪. પાંચમી નરકની સ્થિતિ કેટલા સાગરની છે? (દશ, **ચૌદ,** સત્તર)

૫. નરક એ કેવું સ્થાન છે? (ત્રાસજનક, **ભયજનક,** પીડાજનક)

**(૧૦)**

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.**

૧. હેમંત ઋતુમાં કોનો સમાવેશ થાય છે? **મહા, ફાગણ.**

૨. અનુયોગી પ્રશ્ન એટલે શું? **સૂત્રાદિના અર્થ-વ્યાખ્યા સમજવા પૂછાતા પ્રશ્ન.**

૩. સાધુ શેના માટે આહાર કરતા નથી? **શરીરાદિની પુષ્ટિ માટે.**

૪. ચોથી લોકસ્થિતિ લખો. **પૃથ્વી પ્રતિષ્ઠિત ત્રસ-સ્થાવર જીવ.**

૫. ચમરચંચાના ઈન્દ્ર કોણ છે? એક શબ્દમાં લખો. **ચમરેન્દ્ર.**

૬. નિદ્રા ચિત્તને કેવું બનાવે છે? બે શબ્દમાં જવાબ લખો. **ચંચળ, ભ્રાંત.**

૭. સ્વપ્નાન્તિક પ્રતિક્રમણ એટલે શું? **દુ:સ્વપ્નાદિ જોયા પછી પ્રથમ શ્રમણસૂત્રથી કરવામાં આવતું પ્રતિ.**

૮. આત્મવાનનું મુખ્ય ધ્યેય શું છે? **આત્મસાધના.**

૯. ત્રીજું અસંભવિત કાર્ય કયું છે? **એક સમયમાં બે ભાષા બોલવાનું.**

૧૦. વિશિષ્ટ લબ્ધિવાળા મનુષ્યમાં પદવીધારક કયા છે? **તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ.**

(૧૦)

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે લખો.**

**(૧) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો.** **(૭)**

૧. પુષ્કલાવતી વિજય પશ્ચિમ મહાવિદેહમાં છે. **ખોટું. પુષ્કલાવતી વિજય પૂર્વ મહાવિદેહમાં છે.**

૨. કુંડરિકના શરીરમાં મહારોગ ઉત્પન્ન થયા. **ખોટું. કુંડરિકના શરીરમાં દાહજવર ઉત્પન્ન થયો.**

૩. પુંડરિક રાજા અને કુંડરિક યુવરાજ બન્યા. **સાચું.**

૪. મહાપદ્મ અણગાર ૧૪ પૂર્વનું જ્ઞાન ભણ્યા. **સાચું.**

૫. કંડરિકનું શરીરમાં પિત્તજવરથી બળતરા થવા લાગી. **સાચું.**

૬. પુંડરિકે વેદનામાં આર્તધ્યાન ધર્યું. **ખોટું. પુંડરિકે વેદનામાં ધર્મધ્યાન ધર્યું.**

૭. પુંડરિકે પાંચ મહાવ્રતરૂપી ધર્મ અંગીકાર કર્યો. **ખોટું. પુંડરિકે ચાતુર્યામ ધર્મ અંગીકાર કર્યો.**

**(૨) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૩)**

૧. હા, ભોગનું પ્રયોજન છે. **કુંડરિક અણગાર પુંડરિકને કહે છે.**

૨. હું પુંડરિક રાજાની આજ્ઞા લઈને આવું છું. **કુંડરિક સ્થવિર ભગવંતોને કહે છે.**

૩. કંડરિક અણગાર ઉદાસ અવસ્થામાં બેઠા છે. **ધાવ માતા પુંડરિકને કહે છે..**

**અથવા**

**પ્ર. ૪ પુષ્પિકા વર્ગ સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) ખાલી જગ્યા પૂરો.**

૧. સુભદ્રા ...... હતી અને ...... બની ...... કરતી રહેતી હતી. **વંધ્યા, નિરુત્સાહી, આર્તધ્યાન**

૨. સુભદ્રા આર્યાને ...... આદિનો અંકુશ ન હોવાથી ...... માનતી હતી. **ગુરુણી, નિરંકુશ**

૩. સોમા આત્માને શુદ્ધ કરી ......–...... પૂર્વક ...... મૃત્યુના અવસરે મૃત્યુ પામશે.

**આલોચના, પ્રતિક્રમણ, સમાધિભાવપૂર્વક**

૪. સુભદ્રા ...... દેવલોકમાં ...... રૂપે ...... ...... માં ઉત્પન્ન થયા. **સૌધર્મ, બહુપુત્રિકા, ઉપપાત, દેવશય્યામાં**

૫. સોમા આર્યા ...... આર્યા પાસે ..... આદિ ...... ...... નો અભ્યાસ કરશે.

**સુવ્રતા, સામાયિક, અગિયાર, અંગો**

૬. તમને કેવળી પ્રરૂપિત ......, ...... આદિ અનેક પ્રકારના ...... નો ઉપદેશ સંભળાવી શકીએ.

**દાન, શીલ, ધર્મ**

૭. હું જ્યારે સ્વતંત્ર હતી, ત્યારે આ બધા મારો ...... કરતા હતા. **આદર**

(૧૦)

**પ્ર. ૫ (અ) અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો.** **(૫)**

૧. અતિમુક્તક કુમાર તત્ત્વજ્ઞાનથી કેવા હતા? **અજ્ઞાત**

૨. ગૌતમ સ્વામી ઈરિયા સમિતિ આદિ શેનાથી યુક્ત હતા? **બ્રહ્મચારી**

૩. અતિમુક્ત અણગાર કયા પર્વત પર સિદ્ધપદને પામ્યા? **વિપુલગિરિ**

૪. અતિમુક્ત કુમાર ગૌતમ સ્વામી સાથે કોની પાસે ગયા? **મહાવીર સ્વામી**

૫. ભગવાન મહાવીર કયા ઉદ્યાનમાં પધાર્યા? **શ્રીવન**

**(આ) જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે કૌંસમાં આપેલા આંકડા પ્રમાણે લખો.** **(૫)**

૧. રસનેન્દ્રિયને સુખપ્રદ પદાર્થો કયા છે? (૩) **ગોળ, સાકર, ગુલકંદ**

૨. ઈન્દ્રિયના વિષયોનો ત્યાગ શું પ્રાપ્ત કરાવે છે? (૨) **સુખ, મોક્ષ**

૩. કાલિકદ્વીપમાં કેવા અશ્વો હતા? (૫) **કુશળ, વિનીત, ગુણવાન, સહનશીલ, ઉત્તમ**

(૧૫)

**પ્ર.૬ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. મિહિલાએ **ચેઈએ વચ્છે, સીયચ્છાએ મણોરમે । પત્તપુપ્ફફલોવેએ, બહૂણં બહુગુણે** સયા ॥

**અર્થ : મિથિલા નગરી રૂપી ઉદ્યાનમાં એક સુંદર વૃક્ષ હતું; જે અતિ રમ્ય, પત્ર, પુષ્પ તથા ફળોથી યુક્ત અને સહુને શીતળ છાયા આપનારું તથા અનેક પક્ષીઓને આશ્રય દેનારું, બહુ ઉપકારી હતું.**

૨. અહો **તે નિજ્જિઓ કોહો, અહો માણો પરાજિઓ । અહો નિરક્કિયા માયા, અહો લોભો વસી** કઓ ॥

**અર્થ : અહો! આશ્ચર્ય! આનંદ છે કે આપે ક્રોધને ચજ્ઞા જીત્યો છે, અહો ! આપે માનનો પરાજય કર્યો. અહો! આપે માયાને નિષ્ક્રિય બનાવી છે. અહો ! આપે લોભને સંપૂર્ણ વશ કરી લીધો છે**

૩. એચ **મટ્ઠં નિસામિત્તા, હેઉકારણચોઈઓ । તઓ નમી રાયરિસી, દેવિંદં ઈણ** મબ્બવી ॥

**અર્થ : દેવેન્દ્રના આ પ્રશ્નને સાંભળીને તેના પ્રશ્ન પૂછવાની પાછળ રહેલા આશયથી પ્રેરિત થઈને નમિ**

**રાજર્ષિએ આ પ્રમાણે કહ્યું.**

૪. જે કેઇ **પત્થિવા તુજ્ઝં, ન નમન્તિ નરાહિવા । વસે તે ઠાવઈત્તાણં, તઓ ગચ્છસિ** ખત્તિયા ॥

**અર્થ : હે ક્ષત્રિય ! હે નરાધિપતિ ! કેટલાક રાજાઓ કે જે આપને નમ્યા નથી અર્થાત્ આજ્ઞામાં આવ્યા નથી તેને વશ કરીને પછી પ્રવ્રજ્યા ગ્રહણ કરજો.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૩)**

૧. દોરી અને મૂઠ શેની છે? **ઈરિયા સમિતિરૂપ દોરી અને ધીરજરૂપી મૂઠ.**

૨. ભવભ્રમણથી કેવી રીતે છૂટાય છે? **બાહ્ય સંગ્રામથી દૂર થઈને અથવા કર્મ સંગ્રામથી મુક્ત થઈને.**

૩. લોભ વડે શું બને છે? **આ લોક અને પરલોક ભયરૂપ.**

**(૧૦)**

**પ્ર. ૭ ભગવતી સૂત્રના આધારે મને ઓળખો.**

૧. મારી પરિધિ ૧૫૨૭ લાખ ઝાઝેરી છે? **વારૂણી દ્વીપ**

૨. અમે સાતમા નં. ના દ્વીપ-સમુદ્ર છીએ? **ઈક્ષુ દ્વીપ, ઈક્ષુ સમુદ્ર**

૩. હું બધા દ્વીપ-સમુદ્રની ચારે બાજુ હોઉં છું. **પદ્મવરવેદિકા**

૪. મારા માલિક દેવ વેલભ છે. **યૂપ**

૫. લવણસમુદ્રમાં મારું ક્રીડાસ્થાન છે? **સુસ્થિત**

૬. મારા પાણીનો સ્વાદ દૂધ જેવો છે. **ક્ષીર સમુદ્ર**

૭. મારા પૂર્વ-પશ્ચિમ ચરમાંતરમાં ૬૧ લાખ યોજનનું અંતર છે. **પુષ્કર દ્વીપ**

૮. કળશના વચ્ચેના ભાગમાં અમારો સમાવેશ થાય છે. **પાણી અને વાયુ**

૯. મારા પ્રભાવથી લવણ સમુદ્ર પોતાની મર્યાદા લોપતો નથી. **પુણ્ય**

૧૦. હું જીવાભિગમ સૂત્રનો અધિકાર છુ. **દ્વીપસમુદ્ર**

**(૧૦)**

**પ્ર. ૮ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના બે શબ્દમાં પ્રમાણે લખો.**

૧. રસનેન્દ્રિયનો સ્પર્શ કેવો છે? **કર્કશ, ભારે/મૃદુ, હલકા**

૨. ચક્ષુઈન્દ્રિયનું સંસ્થાન કોના જેવું છે? **મસૂરની દાળ, અતિમુક્તક પુષ્પ**

૩. કયા દંડકના જીવો આહારને જાણે છે, દેખે છે? **મનુષ્ય, વૈમાનિક**

૪. પ્ર પરથી શરૂ થતા દ્વારના નામ લખો. **પ્રદેશ, પ્રવિષ્ટ**

૫. સ્પર્શનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય જઘ, ઉપયોગકાળમાં કોણ વધારે? કેટલા? **સ્પર્શનેન્દ્રિય, વિશેષાધિક**

૬. બગાના ચક્ષુઈન્દ્રિય અને રસનેન્દ્રિયના વિષય લખો. **૨૯૫૪ ધનુષ, ૨૫૬ ધનુષ**

૭. મામણમુંડાને કઈ ઈન્દ્રિય હોય? **સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય**

૮. જેને નાક હોય તેમાં કઈ ઈન્દ્રિય પ્રાપ્યકારી છે? **ઘ્રાણેન્દ્રિય, શ્રોત્રેન્દ્રિય**

૯. પૃથુત્વ કયા આંગુલથી છે? **આત્મ, ઉત્સેધ**

૧૦. પ્રજ્ઞાપના સૂત્રનું પદ અને ઉદ્દેશો લખો. **૧૫, ૧**

(૧૦)

**પ્ર. ૯ (૧) માર્ગણાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૮)**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | સમજૂતી | કુલ ભેદ |
|---|---|---|---|---|---|---|
| ૧. ઔદારિક શુક્લલેશીમાં | 0 | ૧૦ | ૩૦ | 0 | ૫ સંજ્ઞી તિર્યંચ પંચે.,+૧૫ કર્મભૂમિ એ ૨૦ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા | ૪૦ |
| ૨. અધોલોક અભાષકમાં | ૭ | ૩૫ | ૩ | ૨૫ | ૭ નરકના અપર્યા., ૪૮ માંથી ૧૩ વચનયોગીના ઘટયા તે ૩૫, ૩ ભેદ મનુષ્યના (સલીલાવતી આશ્રી), ૨૫ ભેદ ભવનપતિના અપર્યા. | ૭૦ |
| ૩. પદ્મલેશી વચનયોગીમાં | 0 | ૫ | ૧૫ | ૧૩ | ૫ સંજ્ઞી તિર્યંચ પંચે.ના પર્યાપ્તા, ૧૫ કર્મભૂમિના પર્યાપ્તા, ૩ થી ૫ દેવલોક, ૯ લોકાંતિક, ૨ જું કિલ્વિષી એ ૧૩ ના પર્યા. | ૩૩ |
| ૪. શુક્લલેશી દેવતામાં | 0 | 0 | 0 | ૪૪ | ૬ ઠા દેવલોકથી ૫ અનુત્તર વિમાન એ ૨૨ ના અપર્યા. અને પર્યા. | ૪૪ |

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૨)**

૧. જુગલિયાના અપર્યાપ્તા શા માટે અમર છે? **જુગલિયાનું જઘ. આયુષ્ય ૧ ક્રોડપૂર્વ ઝાઝેરું છે.**

૨. વચનયોગ કોનામાં હોય? એક શબ્દમાં લખો. **પર્યાપ્તામાં**

**જય – જિનેન્દ્ર**


❋ **PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.**

❋ **NEXT CLASS STARTS FEBRUARY 2ND/3RD MONDAY AND TUESDAY.**

❋ **TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914.**

❋ **FOR BOOKS AND EXAM REGISTRATION.**